મેઘરાજાની પધરામણી - લાં.....બી રાહ જોવરાવ્યા બાદ બુધવારે મોડીસાંજે વરસાદનું હળવું ઝાપટુ પડતા વાતાવરણમાં ઠંડકની સાથે હાશકારો અનુભવાયો હતો... સવારથી ગોરંભાયેલા વાદળો ભારે વરસાદના સંકેતો આપતા હતા... પરંતુ મોડીસાંજે ૯ વાગ્યા બાદ નવા ગાંધીનગર વિસ્તારમાં વરસાદનું હળવું ઝાપટુ પડ્યું હતું. જો કે હવામાન શાસ્ત્રીઓની આગાહી મુજબ ગુરૂવારથી હળવાથી ભારે વરસાદ પડવાની શક્યતાઓ રહેલી છે...

જિલ્લા પંચાયતના કોંગ્રેસના સભ્યોની આજે મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યોની ૧૦મીએ મળનારી સામાન્ય સભા પૂર્વે એક મહત્વની બેઠક મળશે. પ્રદેશ નિરીક્ષકોની હાજરીમાં આ બેઠક મળશે તેમ કોંગ્રેસના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતની સામાન્યસભામાં સમિતિઓની રચનાનો મુદ્દો હોઈ પંચાયતના રાજકારણમાં ગરમાવો ચરમસીમાએ છે. જોકે કંઈક ખોટુ ના થઈ જાય તેના પર સૌની નજર છે.

બીજી તરફ જે સ્થિતિ ઉભી થઈ રહી છે તેને ભાજપના આગેવાનો પણ ખુબજ બારીકાઈથી જોઈ રહ્યા છે અને કાલે કદાચ પ્રમુખને મળી સમિતિઓની રચનામાં તેમના પક્ષના સભ્યોને સ્થાન આપવાની માંગ કરતો પત્ર આપે તેવી

પ્રદેશ નિરીક્ષકો હાજરી આપશે : ૧૦મીએ મળનારી સામાન્યસભાની રણનીતિ આખરી કરાશે

શક્યતાઓ છે.

સમિતિઓની રચનાને લઈ કોંગ્રેસના જ બે જૂથો વધુ સક્રિય બન્યા છે. બન્ને જૂથોની સક્રિયતાને લઈ રાજકીય વર્તુળોમાં નવાજૂનીના એંધાણની શક્યતાના સંકેતો મળી રહ્યા છે. જોકે કોંગ્રેસના સ્થાનિક નેતાઓ બધુ બરાબર થઈ જશે અમારા પક્ષમાં આંતરિક લોકશાહી છે પણ મતભેદ નથી.

સમિતિઓની રચનાનો મુદ્દો પેચીદો બની ગયો હોવાથી નિરીક્ષકોની હાજરીમાં જ બેઠક મળશે તેવી વ્યુહરચના વિચારણામાં લેવાઈ છે. આ ઉપરાંત તમામ તાલુકાની કારોબારી સમિતિની બેઠકો પણ આજે જ બોલાવવામાં આવી છે જેથી સભ્યોને સાચવવામાં અને સમજાવવામાં તકલીફ પડે નહિ તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લા પંચાયતની ૧૦મીની સામાન્ય સભા અંગે કોંગ્રેસના બન્ને જૂથોએ મૌન ધારણ કર્યુ છે તો ભાજપ પણ ઉકળેલા ચરૂને જોઈ તેની રણનીતિ નક્કી કરી રહ્યુ છે.

આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મનપામાં બેઠક મળનાર છે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં આર.ઓ. પ્લાન્ટ તેમજ ફ્રીજની ખરીદીના ટેન્ડર પર ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

સ્થાયી સમિતિની બેઠકમાં પહેલીવાર અંદાજપત્રની જોગવાઈઓ અને હાથ ધરાયેલ વિકાસ કામોની સમીક્ષા પણ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં વધતી જતી રખડતા પશુધનની તકલીફને લઈ આ અંગે કરવામાં આવી રહેલી કામગીરીનો મુદ્દો પણ આજની બેઠકમાં ચર્ચામાં આવનાર છે.

નબળા પરિણામ માટે શિક્ષકો વધુ જવાબદાર તેવુ અધિકારીઓનું પ્રાથમિક તારણ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં મિશન વિદ્યા અંતર્ગત જિલ્લાના અધિકારીઓ જે હાલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને ખુંદી રહ્યા છે તેમાં શિક્ષણતંત્રની જ લાપરવાહી સામે આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે શિક્ષકો દ્વારા જ બાળકો દ્વારા સાચા-દાખલા ગણાયા છે કે ખોટા તે જોવાની ચિંતા પણ નથી કરાતી અને માત્ર નોટબુક જોવા ખાતર જોતાં હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે.

માણસાના અંતરિયાળ શાળામાં પાંચ વર્ષથી શિક્ષણના અધિકારીઓ ગયા જ નહિ હોવાની વાતો

લેખનમાં પણ વ્યાકરણની અસંખ્ય ભૂલોને શિક્ષકો જ નજર અંદાજ કરી રહ્યાની ચોંકાવનારી વિગતો સાથેના અહેવાલ જિલ્લાના અધિકારીઓએ જ આપ્યા છે.

કેટલાક અંતરિયાળ ગામોમાં તો શિક્ષણના અધિકારીઓએ છેલ્લા પાંચ વર્ષથી મુલાકાત જ ન લીધી હોવાની વાતો પણ બહાર આવવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં સુકા વૃક્ષો દુર કરવા માર્કીંગ આરંભાયુ

ગાંડા બાવળના ૨૦૦ વૃક્ષોની પણ કટોતી થશે : ઉભા સુકા વૃક્ષો જોખમી હોવાથી માર્કીંગના અંતે કટોતી કરાશે : મુખ્યમાર્ગો આસપાસ કલરકોડ પ્રમાણે નવા રોપાઓની વાવણી કરાશે

ગાંધીનગર તા ૮

શહેરમાં ઉભા સુકા જોખમી વૃક્ષો દુર કરવા માટે અભિયાન હાથ ધરાયુ છે.જયારે નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ આસપાસના વિસ્તારમાંથી ગાંડા બાવળના વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી રહી છે. નગરના મુખ્યમાર્ગો આસપાસ સફાઇ કરીને કલરકોડ પ્રમાણે નવા રોપાઓની વાવણી કરવામાં આવનાર છે. ત્યારે આ રૂટમાં ૨૦૦ જેટલા ગાંડા બાવળના વૃક્ષો પણ દુર કરવામાં આવશે. આ ઉપરાંત સુકા વૃક્ષોનુ માર્કીંગ પણ શરૂ કરી દેવાયુ છે.

વનતંત્ર દ્વારા શહેરમાં ઉભા સુકા વૃક્ષો દુર કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરમાં જોખમી ગણાંતા આ પ્રકારના વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા અભિયાન હાથ ધરાયુ છે. વરસાદી દિવસોમાં આ પ્રકારના જોખમી વૃક્ષો ગમે ત્યોર જમીનદોસ્ત થતા અકસ્માતનુ કારણ બને છે. આવા સંજોગોમાં શહેરમાં નિખરતી વનરાજી વચ્ચે આવા જોખમી વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે આ વૃક્ષોને દુર કરવા માટે વનતંત્ર દ્વારા સમયાંતરે ઝુંબેશ હાથ ધરાય છે. અગાઉ પણ વર્ષો પુર્વે વૃક્ષજમીનદોસ્ત થવાના લીધે એક યુવાનનુ મોત નિપજયુ હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. જયારે થોડા દિવસો અગાઉ પણ સે-૧૫ કોલેજ પાછળના વિસ્તારમાં વૃક્ષ ધરાશાયી થવાના લીધે એક યુવાનને ઈજા થવા પામી હતી. શહેરમાં દર ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આ દરમિયાન જુના અને જોખમી સુકા વૃક્ષોને દુર કરવા માટે પણ માર્કીંગ કરવામાં આવે છે. વનતંત્ર દ્વારા હાલ પણ આ પ્રકારના વૃક્ષોને માર્કીંગ કરવામાં આવી રહયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

જીવદયા પ્રેમ - ઘાયલ પક્ષીઓની સારવાર માટે જીવદાયપ્રેમીઓ દ્વારા સેવાઓ અને સારવાર અવારનવાર કરવામાં આવતી હોય છે. બુધવારે સેક્ટર-૫માં એક ઘાયલ પક્ષી વસાહતીઓની નજરે પડતા વસાહતીઓએ સાથે મળીને આ ઘાયલ પક્ષીની સારવાર કરી રક્ષણ પુરું પાડ્યું હતું...

હાર્દિકને બે વર્ષ સજાના હુકમ સામે હાઈકોર્ટનો મનાઈ હુકમ

વિસનગર તોડફોડ કેસમાં હાર્દિકને મોટી રાહત : વિસનગર સેશન્સ કોર્ટના સજાના હુકમ સામે હાર્દિક દ્વારા કરાયેલી અરજી હાઇકોર્ટે દાખલ કરી જામીન મંજૂર રાખ્યા

અમદાવાદ, તા.૮

પાટીદાર અનામત આંદોલન દરમ્યાન વિસનગરમાં તોડફોડ અને હિંસાના ચકચારભર્યા કેસમાં પાસના કન્વીનર અને પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલને વિસનગર સેશન્સ કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી બે વર્ષની સજાના હુકમ સામે ગુજરાત હાઈકોર્ટે સ્ટે જારી કર્યો છે. વિસનગર સેશન્સ કોર્ટના સજાના હુકમ સામે હાર્દિક પટેલ દ્વારા કરાયેલી અપીલ હાઈકોર્ટે આજે દાખલ કરી હતી અને તેના જામીન મંજૂર રાખ્યા હતા. સાથે સાથે હાઈકોર્ટે બે વર્ષની સજા પણ સ્થગિત કરી હતી. જો હાઈકોર્ટનો આ સ્ટે લોકસભાની ચૂંટણી યથાવત્ રહેશે તો, હાર્દિક પટેલની

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન - ગુજરાત

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

સર્વ શિક્ષા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ૬ થી ૧૪ વર્ષની વયજૂથના બાળકોને મફત, ફરજીયાત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પુરું પાડવાનો છે. આ માટે આપની આસપાસના વિસ્તારમાં ખાસ કરીને સ્લમ વિસ્તારમાં શાળામાં કદી ન ગયેલ, શાળામાંથી ધોરણ ૧ થી ૮ પૂર્ણ કર્યા સિવાય શાળા છોડી ગયેલ, દિવ્યાંગ સહિતના તમામ બાળકોની માહિતી માટે નીચેના ટોલ ફ્રી નંબરો પર કે નજીકની સરકારી પ્રાથમિક શાળામાં કચેરીના કામકાજના દિવસોમાં ૧૧:૦૦ થી ૦૫:૦૦ દરમ્યાન નોંધાવી સહયોગ આપશો.

જિલ્લો/કોર્પો.	ટોલફ્રી નંબરો	જિલ્લો/કોર્પો.	ટોલફ્રી નંબરો
અમદાવાદ	૧૮૦૦ ૨૩૩ ૦૩૬૬	મહીસાગર	૧૮૦૦ ૨૩૩ ૨૪૩૧
અમરેલી	૧૮૦૦ ૨૩૩ ૫૩૩૨	મોરબી	૧૮૦૦ ૨૩૩ ૩૯૬૭
આણંદ	૧૮૦૦ ૨૩૩ ૭૬૩૫	નર્મદા	૧૮૦૦ ૨૩૩ ૨૬૪૧
અરવલ્લી	૧૮૦૦ ૨૩૩ ૪૭૪૯	નવસારી	૧૮૦૦ ૨૩૩ ૧૭૦૯
બનાસકાંઠા	૧૮૦૦ ૨૩૩ ૩૧૪૨	પંચમહાલ	૧૮૦૦ ૨૩૩ ૨૪૧૭
ભરૂચ	૧૮૦૦ ૨૩૩ ૨૬૪૨	પાટણ	૧૮૦૦ ૨૩૩ ૦૭૦૫
ભાવનગર	૧૮૦૦ ૨૩૩ ૦૮૫૪	પોરબંદર	૧૮૦૦ ૨૩૩ ૩૧૫૧
બોટાદ	૧૮૦૦ ૨૩૩ ૬૮૯૮	રાજકોટ	૧૮૦૦ ૨૩૩ ૬૨૩૧
છોટા ઉદેપુર	૧૮૦૦ ૨૩૩ ૨૬૯૦	સાબરકાંઠા	૧૮૦૦ ૨૩૩ ૧૯૫૫
દાહોદ	૧૮૦૦ ૨૩૩ ૩૧૫૨	સુરત	૧૮૦૦ ૨૩૩ ૪૮૨૦
ડાંગ	૧૮૦૦ ૨૩૩ ૦૪૮૦	સુરેન્દ્રનગર	૧૮૦૦ ૨૩૩ ૩૧૫૩
દેવભુમિ દ્વારકા	૧૮૦૦ ૨૩૩ ૭૦૯૦	તાપી	૧૮૦૦ ૨૩૩ ૨૧૩૦
ગાંધીનગર	૧૮૦૦ ૨૩૩ ૧૦૩૬	વડોદરા	૧૮૦૦ ૨૩૩ ૨૬૭૩
ગિર સોમનાથ	૧૮૦૦ ૨૩૩ ૨૫૮૫	વલસાડ	૧૮૦૦ ૨૩૩ ૩૧૯૦
જામનગર	૧૮૦૦ ૨૩૩ ૩૧૪૩	અમદાવાદ કોર્પો.	૧૮૦૦ ૨૩૩ ૧૦૪૨
જુનાગઢ	૧૮૦૦ ૨૩૩ ૩૧૪૯	રાજકોટ કોર્પો.	૧૮૦૦ ૨૩૩ ૦૦૫૨
ખેડા	૧૮૦૦ ૨૩૩ ૨૪૧૬	સૂરત કોર્પો.	૧૮૦૦ ૨૩૩ ૨૦૨૮
કચ્છ	૧૮૦૦ ૨૩૩ ૬૫૨૯	વડોદરા કોર્પો.	૧૮૦૦ ૨૩૩ ૨૬૭૨
મહેસાણા	૧૮૦૦ ૨૩૩ ૦૦૭૪	રાજ્ય કચેરી	૧૮૦૦ ૨૩૩ ૭૯૬૫

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટ
સર્વ શિક્ષા અભિયાન

..ને વીજપોલ નમી પડ્યો - અડાલજ માર્ગ પર ત્રિમંદિર પાસે કોઈ અજાણ્યા વાહનની ટક્કરમાં વીજપોલ નમી પડ્યો છે... જોકે, ધરાશયી ન થતાં નુકસાન અટકી ગયું હતું... જો વીજપોલ માર્ગ પર પટકાયો હતો તો કોઈ વાહનચાલક કે રાહદારી ઈજાનો ભોગ બનવું પડ્યું હોત....

વનતંત્રએ લાકડાની હરાજી કરી ૭ લાખની આવક મેળવી

ગાંધીનગર તા ૮

શહેરમાં ઉભા અને સુકા વૃક્ષો દુર કરવામાં આવી રહયા છે .જયારે વર્ષ દરમિયાન પણ સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. સ્થાનિકોની ફરિયાદોના અંતે પણ જોખમી વૃક્ષો કાપવામાં આવે છે. જયારે વર્ષ દરમિયાન લાકડની હરાજી પણ કરવામાં આવે છે. વનતંત્રએ લાકડાની હરાજીના અંતે રૂ ૭ લાખની આવક મેળવી છે.

ગાંધીનગરના સેકટરોમાં હરિયાળા વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા છે. જયારે નગરમાં વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવે છે. ચાલુ દિવસો દરમિયાન પણ શહેરમાં અંદાજિત ૨૨ હજાર જટેલા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે બીજીતરફ નગરમાં ભયજનક અને જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ટ્રીમીંગની કામગીરી પણ ચાલી રહી છે. શહેરમાં સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. આ પ્રકારના જોખમી વૃક્ષો દુર કરવા માટે પણ વનતંત્ર દ્વારા હાલ માર્કીંગની કામગીરી હાથ ધરાઈ છે. જયારે સેકટરોમાંથી મળતી સ્થાનિકોની ફરિયાદોન અનુલક્ષીને પણ વૃક્ષોનુ ટ્રીમીંગ તેમજ જોખમી વૃક્ષો કાપવાનુ કામ ચાલી રહયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

મગફળીની દેખરેખનું કામ નાફેડનું છે : નિતીન પટેલ

મગફળી કૌભાંડમાં જો નાફેડ જવાબદાર હોય તો સરકારે નાફેડ વિરૂધ્ધ પણ જરૂરી કાર્યવાહી કરવી જોઈએ : નાયબ મુખ્યમંત્રીની સ્પષ્ટતા

અમદાવાદ, તા.૮

સમગ્ર રાજયમાં મગફળી કૌભાંડને લઈ રાજકારણ ગરમાયું છે અને ભાજપ-કોંગ્રેસ બંને આ કૌભાંડને લઈ સામ-સામે આવી ગયા છે અને આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે ત્યારે આ કૌભાંડમાં નાફેડના ચેરમેનના ભત્રીજા રોહિત બોડાની પણ ધરપકડ થતાં રેલો નાફેડ સુધી પહોંચ્યો છે. આ તમામ રાજકીય ઘમાસાણ વચ્ચે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે બહુ મોટી સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, નાફેડના ચેરમેનનું કામ મગફળીની દેખરેખ રાખવાનું છે. મગફળીની સારસંભાળ અને જાળવણીની જવાબદારી નાફેડમાં આવે. નીતિન પટેલે એક તબક્કે નાફેડના ચેરમેન અને કોંગ્રેસ વચ્ચે સાંઠગાંઠ હોવાનો ગંભીર આરોપ લગાવતાં ભારે ખળભળાટ મચી ગયો છે. રાજયમાં મગફળી કૌભાંડમાં શાસક અને વિપક્ષ વચ્ચે આક્ષેપો પ્રતિ આક્ષેપો થઈ રહ્યા છે. ત્યારે નાફેડના ચેરમેન વાઘજીભાઈ બોડાએ તાજેતરમાં જ કોંગ્રેસ પક્ષ દ્વારા ટંકારા ખાતે આયોજિત તાલુકા કોંગ્રેસના સંમેલનમાં મગફળી કાંડમાં

● અનુસંધાન પાન-૭ પર

ખેતી નિયામકની કચેરીનું ૬ કરોડના ખર્ચે રીનોવેશન કરાશે

ગાંધીનગર તા ૮

સે-૧૫ માં નાયબ ખેતી નિયામકની કચેરીના રીનોવેશનનુ કામ હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. બે મજલાની આ કચેરીનુ રીનોવેશન કરવા માટે તંત્ર દ્વારા અંદાજો તૈયાર કરી દેવાયા છે. જયારે ટુંકમાં જ મંજુરીના અંતે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામગીરી હાથ ધરવામાં આવશે. આ કાર્યયોજના પાછળ રૂ ૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

સે-૧૫ માં સ્થિત નાયબ ખેતી નિયામકની કચેરીનુ રીનાવેશન કરવા માટે તંત્રને દરખાસ્ત કરવામાં આવી હતી. જેના અંતે તંત્ર દ્વારા કાર્યયોજનાને અનુલક્ષી અંદાજો તૈયાર કરી દેવાયા છે. આ કામીગીરી અન્વયે ખેતી નિયામકની કચેરીમાં પ્લાસ્ટર , ફલોરીંગ, કલરકામ , ફર્નિચર વોટર પ્રુફ ટેરેસ સિક્યુરીટી કેબીન, કમ્પાઉન્ડ વોલ, ફાયેર સેફટી સિસ્ટમ ઉપરાંત કલરકામ પણ કરવામાં આવશે. ગ્રાઉન્ડ પ્લસ બે માળના આ કચેરીના મકાનના મુળ બાંધકામને યથાવત રાખી રીનોવેશન હેઠળ બિલ્ડીંગને આવરી લેવામાં આવશે. આ કામગીરી અન્વયે રૂ ૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જયારે આ કામગીરી અન્વયે મંજુરીના અંતે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com